ચીખલીમાં વીજ સમસ્યાથી ત્રાહીમામ પોકારેલા લોકોએ આવેદનપત્ર આપ્યું

ચીખલી, તા. ૦૮ : ચીખલી ખાતે આવેલી દક્ષિણ ગુજરાત વીજકંપનીના ખાડે ગયેલા વહીવટના કારણે ચીખલી પંથક સહિત આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં વીજ સમસ્યા થી લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યા છે.જેમાં ચીખલી બજારના રહીશોએ પંથકમાં વીજપોલ ઉપર ઝુલતા વાયરો તેમજ નડતરરૂપ વીજપોલોને દુર કરવા માટે એક આવેદનપત્ર વીજ અધિકારીની આપી સમસ્યાનુ નિવારણ લાવવા જણાવાયુ છે.

ચીખલીમાં આવેલી દક્ષિણ ગુજરાત વીજકંપની દ્વારા ગ્રાહકોને વધુ ને વધુ સુવિધા મળી રહે તે માટે આયોજન કરવામાં આવતુ હોય છે.અને સરકાર ના નિયમ અનુસાર કોઈ ગ્રાહક સમસ્યા માટે ફોન કરે તો ૨૪ કલાકની અંદર સમસ્યા દુર કરવાની જોગવાઈ રાખવામાં આવી છે. એટલુજ નહી પરંતુ ચોમાસા પહેલા પ્રિમોન્સુન કામગીરી પણ કરી ગ્રાહકોને ચોમાસા દરમ્યાન કોઈ તકલીફ ન પડે તેની તકેદારી પણ રાખવામાં આવતી હોય છે.પરંતુ છેલ્લા કેટલાક સમયથી ચીખલી પંથકમાં એક વીજપોલથી બીજા વીજપોલ ઉપર જતા વાયરો ઝુલતા હોય અને બજાર વિસ્તાર રહેણાંકથી ભરપુર હોય તેવા સમયે આવા વીજવાયરોને ખેંચીને યોગ્ય કરવા માટે જણાવવામાં આવતુ હોય છે.એટલુજ નહી પરંતુ ગ્રામપંચાયત દ્વારા પણ વીજકંપનીને સમસ્યાઓ અંગે લેખિતમાં જણાવતા હોય છે.પરંતુ વીજકંપનીના જાળી ચામડી ધરાવતા આવા અધિકારીઓ ગ્રાહકોની સમસ્યાને અવગણી દેતા હોય છે. ત્યારે ચીખલી બજારના રહીશોએ ચીખલી બજારમાં આવેલ વીજવાયરો અને વીજપોલોને યોગ્ય કરવા માટે એક આવેદનપત્ર આપવામાં આવ્યુ હતુ.જોકે ચીખલી બજારમાં ગમે ત્યારે લાઈટ ડુલ થઈ જવાના તેમજ ડીમ ફુલ લાઈટ થઈ જતા ઘરોમાં તેમજ દુકાનોમાં રાખવામાં આવેલ ઈલેક્ટ્રોનીક સાધનો પણ ફુંકાઈ જવા પામ્યા છે.ત્યારે વીજકંપની દ્વારા ચીખલી પંથક સહિત આજુબાજુના ગામોમાં વીજ સમસ્યાને જલ્દીથી દુર કરવામાં આવે તે જરૂરી રહ્યુ છે.

ગ્રામ વિકાસ એજન્સી દ્વારા

જિલ્લામાં સ્વચ્છતા જાગૃતિ દિવસની ઉજવણી કરાઇ

વલસાડઃ તા.૮: વલસાડના ખાતે મહિલા સશક્તિકરણ પખવાડિયું ઉજવણીના ભાગરૂપે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી દ્વારા ધરમપુર ચારરસ્તા સ્થિત હોટલ પ્રિતમાં મહિલા શિક્ષણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે ગામમાં ૧૦૦ ટકા શૌચાલય બનાવી ઓડીએફ બનાવવા બદલ મહિલા સરપંચોનું પ્રમાણપત્ર આપી શાલ ઓઢાડી સન્માન કરાયું હતું.

આ અવસરે જિલ્લા વિકાસ અધિકારી ડી.પી.દેસાઇએ જણાવ્યું હતું કે, સફાઇનો સંદેશો ફેલાવવા માટે સ્વચ્છતા દિવસની ઉજવણી કરવામાં આવી છે. આપણા ગામમાં પ્રવેશતો રસ્તો એ ગામની સ્વચ્છતાનો અરીસો છે, જે ચોખ્ખો રાખીએ તો જ ગામની છાપ સારી પડશે. ધાર્મિક કે પ્રવાસન સ્થળો ઉપર આવતા પ્રવાસીઓ કચરો કચરાપેટીમાં જ નાખે તે જરૂરી છે. મહિલાઓ સ્વચ્છતાને વધુ પ્રાધાન્ય આપે છે. આપણે વ્યક્તિગત કે ઘરની સફાઇમાં ધ્યાન આપીએ છીએ, તે જ રીતે શેરી કે ગામની સફાઇ રાખવામાં પણ જો ધ્યાન આપીશું તો જેનાથી ગામની સ્વચ્છતા અવશ્ય જળવાશે. ગામમાં સ્વચ્છતા રાખીશું તો રોગનું પ્રમાણ ઘટશે અને લોકોનું સ્વાસ્થ્ય પણ સારું રહેશે. આપણે ખરાબ આદતો સુધારી પ્લાસ્ટિકનો ઉપયોગ ઓછો કરીએ, કચરો કચરાપેટીમાં જ નાખીને સ્વચ્છતા અભિયાનમાં સહયોગ આપવા જણાવ્યું હતું. રાજ્ય સરકારે ગામેગામ શૌચાલય બનાવી સૌને ગંદકીમાંથી મુક્તિ અપાવવાનું અભિયાન ઉપાડ્યું છે.

આ અવસરે મહિલા અને બાળ વિકાસ સમિતિના અધ્યક્ષા ભાનુબેન પટેલ, સિંચાઇ અને સહકાર સમિતિના હેતલબેન પટેલ, ડો.પ્રિતીબેન, ૧૮૧ મહિલા હેલ્પલાઇનના જીનલબેન પટેલ સહિત વિવિધ ગામોની મહિલાઓ હાજર રહી હતી. આ અવસરે ઉપસ્થિત સૌને સ્વચ્છતાના શપથ લેવડાવવામાં આવ્યા હતા. આભારવિધિ તાલુકા વિકાસ અધિકારી આર.પી.પટેલે કરી હતી.

વલસાડ ડુંગરીના જનસંઘી ગોવિંદ પટેલનું હાર્ટ-એટેકથી મોત

વલસાડ, તા.૮ : વલસાડના ડુંગરી ગામ ના જુના જનસંઘી અને ભાજપના પાયા ના કાર્યકરનું હાર્ટ એટેકનો હુમલો થતા તેમનું અવસાન થતા વલસાડ પંથકના ભાજપી કાર્યકરોમાં શોક ની કાલી માં ફેલાઈ જવા પામી છે. તેમનો એક દીકરો અમેરિકામાં હોવાથી મૃતદેહને વલસાડની કસ્તુરબા હોસ્પિટલના કોલ્ડ સ્ટોરેજમાં રાખવામાં આવી છે. શનિવારે તેમની અંતિમયાત્રા નીકળશે.

વલસાડ તાલુકાના ડુંગરી ગામના જુના જનસંઘી અને ભાજપના પાયાના કાર્યકર ગોવિંદભાઈ મગનભાઈ કોળી પટેલ ઉંમર ૭૫ આજરોજ સવારે ૬:૩૦ કલાકે સ્નાન કરી બેડરૂમમાં પહોંચી કપડા બદલતી વખતે હાર્ટ એટેક આવતા તેનું મોત થયું હતું. ઘટનાની જાણ લાંબો સમય સુધી રૂમનો દરવાજો નહીં ખુલતા બેડરૂમમાં કંઈક અજુગતું થયા હોવાનો અહેસાસ થતાં બારીમાંથી જોતા તેવો બેડ પર સુતા જોવા મળતા ખેતરમાં કામ કરતાં પોતાનો મજૂરો પાસે રૂમનો દરવાજો તોડી નાખી અંદર ગયા હતા. નજીક ના ડોક્ટર બોલાવી તપાસ કરતા ગોવિંદભાઈ એટેક આવવાથી અવસાન થયું હોવાનું બહાર આવ્યું હતું. તેમના અવસાન ની જાણ થતાં ભાજપના કાર્યકરો, ગ્રામજનો આજુબાજુના ગામના સરપંચ, સભ્યો ઘરે ધસી આવ્યા હતા. વલસાડમાં ૧૯૮૦ની સાલમાં ભાજપની સ્થાપના કર્યા બાદ માજી વન અને પર્યાવરણ મંત્રી કાનજી પટેલના સંપર્કમાં આવ્યા હતા. ૧૯૮૦ થી ૧૯૯૦ દરમિયાન સુધી વલસાડ તાલુકા ભાજપ પ્રમુખ તરીકે ગોવિંદભાઈ પટેલ હતા. તેમણે રામ જન્મભૂમિ આંદોલન વખતે તેમણે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.તેમને રસ્તા લાઈટ સહિતના વિકાસના કામો કામો કર્યા છે. શનિવારે તારીખ ૧૦/ ૮/ ૨૦૧૯ ના રોજ સવારે ૮:૩૦ કલાકે તેમની અંતિમયાત્રા તેમનો પુત્ર ધર્મેશ અમેરિકાથી આવ્યા બાદ નીકળશે. ઘટનાના પગલે તેમના પરિવારમાં અને તેમના મિત્ર વર્તુળોમાં શોકની કાલીમા છવાઈ જવા પામી છે.

આજે રૂમલા, સુરખાઈ અને ચીખલીમાં આદીવાસી દિની ઉજવાશે

ચીખલી, તા.૮ : ચીખલી,ખેરગામ અને વાંસદા તાલુકો આદીવાસી વસ્તી ધરાવતો તાલુકો રહ્યો છે.અને આ તાલુકાના રહીશો દ્વારા અવરનવર આદિવાસી તહેવારોની ઉજવણી ઉલ્લાસભેર કરતા આવ્યા છે. ત્યારે તારીખ ૯ ઓગષ્ટ આદિવાસી દિન હોય ત્યારે આ દિવસની ઉજવણી કરવા માટે ચીખલી તાલુકામાં રૂમલા, સુરખાઈ અને ચીખલી ખાતે કાર્યક્રમ યોજવામાં આવશે.જેમાં ચીખલીના સુરખાઈ ખાતે સમસ્ત આદિવાસી સમાજના પ્રમુખ પ્રદિપ ગરાસીયા નો કાર્યક્રમ યોજાશે. જ્યારે ચીખલી કોલેજ ખાતે દેગામના પંકજ પટેલ દ્વારા ભીલીસ્થાન ટાઈગર સેના ના નેજા હેઠળ રૈલી યોજવામાં આવશે. જ્યારે રૂમલાની જાગૃતિ વિધાલયમાં સરકારી કાર્યક્રમ યોજાશે જેમાં રાજયકક્ષાના મંત્રી કિશોર કાનાણી તથા જિલ્લા ના તમામ ધારાસભ્યોની ઉપસ્થિતિ વચ્ચે આદિવાસી દિનની ઉજવણી કરાશે.

ગણદેવી તાલુકામાં પુર અસરગ્રસ્ત ૩૬૧૮ પરિવારોને કેશડોલ ચૂકવવા તૈયારી

ગણદેવી, તા.૮ : ગણદેવી તાલુકામાં સતત ચાર દિવસ વરસાદી પૂર બાદ પાણી ઓસરતાં તંત્રએ ૨૧ ટીમો બનાવી નુકસાનીનો સરવે હાથ ધર્યો હતો. જેમાં બે શહેરો અને ૨૫ ગામોના ૩૬૧૮ પરિવારોના ૧૯૮૫૮ લોકો અસરગ્રસ્ત બન્યા હોવાની પુષ્ટિ થઇ હતી. જે પૈકી પુખ્તવયના ૧૩૩૩૩ લોકોને દૈનિક રૂપિયા ૬૦ લેખે અને ૩૨૨૫ બાળકોને દૈનિક રૂપિયા ૪૫ લેખે કેશડોલ તાકીદે ચૂકવવાની તજવીજ હાથ ધરાઇ છે.

ગણદેવી તાલુકામાં સતત ચાર દિવસો સુધી વરસેલા વરસાદમાં બચાવ રાહત કામગીરી બાદ પુર ઓસરતા અસરગ્રસ્તોને કેશડોલ ચૂકવવા ૨૧ ટીમોએ નુકસાનીનો સરવે હાથ ધર્યો હતો. જેમાં ગણદેવી તાલુકા પંચાયત એ ૧૧ ટીમો બનાવી અસરગ્રસ્ત ૨૫ ગામોમાં સરવે કરતાં ૨૭૦૭ પરિવારમાં પુખ્ત વયના ૯૬૩૨ અને ૨૩૮૧ બાળકો પુરપીડિત હોવાની પુષ્ટી થઇ હતી. જ્યારે બીલીમોરા નગરપાલિકા વિસ્તારમાં પાંચ ટીમો એ કરેલા સર્વેમાં ૮૫૩ પરિવારોના પુખ્ત વયના ૩૪૭૦ તેમજ ૧૦૭૧ બાળકો મળી ૪૫૬૧ અસરગ્રસ્તો સામે આવ્યા હતા. ગણદેવી પાલિકા વિસ્તારમાં છ ટીમોએ કરેલા સર્વેમાં ૫૮ પરિવારના પુખ્તવયના ૨૧૧ અને ૭૩ બાળકો મળી ૨૮૪ અસરગ્રસ્તો સામે આવ્યા હતા. આમ સમગ્ર તાલુકામાં ૩૬૧૮ પરિવારોના ૧૩૩૩૩ અને ૩૫૨૫ બાળકો મળી ૧૬૮૫૮ લોકો પૂર - કોપ નો ભોગ બન્યાનો સર્વેમાં સામે આવ્યું છે. જેઓ ને નિયમોનુસાર પુખ્તવયના માટે રોજિંદા રૂ.૬૦ અને બાળકો માટે રોજિંદા રૂ.૪૫ રૂપિયા લેખે કેશડોલ ચૂકવાશે. જો તેઓને બે દિવસની કેશડોલ ચૂકવવામાં આવશે તો રૂપિયા ૧૯,૧૭,૨૧૦/- કેશડોલ પેટે ચૂકવાશે.

ટીનાબેન એમ.ફીલ થયાં

ચીખલી, તા.૮ : ટીનાબેન જી. પટેલ (વંકાલ, તા. ચીખલી) જેઓ મુખ્ય પ્રાથમિક શાળા ચાસામાં શિક્ષક છે. એમણે ગુજરાતી વિષયમાં મણિલાલ પટેલનું ચરિત્રસાહિત્ય એક અભ્યાસ વિષય પર લઘુશોધ નિબંધ આર્ટસ એન્ડ કોમર્સ કૉલેજ, મોટાપોંઢાના પ્રા. ડૉ. આશા કે. ગોહિલના માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો. જેને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સુરતે માન્ય રાખી એમ. ફીલ. ની પદવી એનાયત કરી છે.

CHANGE OF NAME

OLD NAME :
GULAMODO
NEW NAME :
GULAMAMODO
SUBA
ADD. : H NO 5-324
GHANCHIWAD MOTI
DAMAN 396220

દોલત ઈન્વેસ્ટમેન્ટ લીમીટેડ

રજીસ્ટર્ડ કચેરી : ઓફિસ નં. ૧૪૧, સેન્ટર પોઈન્ટ, સોમનાથ, દમણ, દમણ અને દીવ-૩૯૬૨૧૦
કોર્પોરેટ કચેરી : ૩૦૧-૩૦૮, ભગવતી હાઉસ, પ્લોટ એ/૧૯, વીરા દેસાઇ રોડ, અંધેરી (વેસ્ટ), મુંબઇ - ૪૦૦૦૫૮
ટેલી : ૯૧-૨૨-૨૬૭૩૨૬૦૨, **ફેક્સ :** ૯૧-૨૨-૨૬૭૩૨૬૪૨
વેબસાઇટ :**www.dolatinvest.com** ઈ-મેઈલ : **post@dolatinvest.com CIN: L67100DD1983PLC004760**

સુધારો

તા.૭મી ઓગસ્ટ ૨૦૧૯ના રોજ આ અખબારમાં પ્રકાશિત થયેલ દોલત ઈન્વેસ્ટમેન્ટ લીમીટેડની ૩૦મી જૂને ૨૦૧૯ના પૂરા થતાં ત્રૈમાસિક માટેના બિનતપાસાયેલ નાણાંકીય પરિણામો માટેની જાહેરાતની નોંધનાં મુદ્દા-૨ માં ટાઈપોગ્રાફીકલ ભૂલ હતી એની મહેરબાની કરી નોંધ લઈ શેર દીઠ જાહેર કરાયેલ વચગાળાનું ડીવિડન્ડ રૂા. ૦.૧૦/- (શેર દીઠ રૂા.૧૦/-ની જગ્યાએ) વાંચવા વિનંતી છે. તકલીફ બદલ અમો ક્ષમાપ્રાર્થી છીએ.

દોલત ઈન્વેસ્ટમેન્ટ લીમીટેડ વતી,
સહી/-
પંકજ ડી. શાહ
મેનેજીંગ ડિરેક્ટર
(DIN:00005023)

સ્થળ: મુંબઇ
તારીખ: ઓગસ્ટ ૦૮, ૨૦૧૯

મે.ઉમરગામનાં જ્યુડી. મેજી. (ફ.ક.), સાહેબની કોર્ટમાં,
ફો.પ.અ. નં. ૧૭૬/૨૦૧૯

અરજદાર : વનસીબેન વિકીયા ડાવરીયા
ઉ.વ.આ.૭૫, ધંધો-ઘરકામ
રહેવાસી : ડાવરપાડા, વંકાસ
તા.ઉમરગામ, જી.વલસાડ
અરજદારના વકીલ : બી.એમ. માંગેલા
વિરુધ્ધ
સામાવાળા : જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, વંકાસ
તા.ઉમરગામ, જી.વલસાડ

જાહેર નોટીસ

આથી આ જાહેર નોટીશ આપી જણાવવાનું કે, ઉપરોક્ત અરજદારે તેમના પુત્રી નામે ભાદલીબેન વિકીયા ડાવરીયાનો જન્મ તારીખ ૦૧/૦૧/૧૯૭૬નાં રોજ વંકાસ, તા.ઉમરગામ, જી.વલસાડ મુકામે થયેલાની નોંધ સરકારી દફતરે કરાવવા અત્રેની કોર્ટમાં અરજી આપેલ છે.

સદરહુ અરજીની સુનાવણી તારીખ ૨૯/૦૮/૨૦૧૯નાં રોજ ૧૧:૦૦ કલાકે અત્રેની કોર્ટમાં રાખવામાં આવેલ છે. જે કોઈ ઈસમોને સદરહુ અરજી વિરૂધ્ધ વાંધા હોય તો જાતે અગર યોગ્ય રીતે માહિતગાર કરેલ વકીલ મારફતે અત્રેની કોર્ટમાં અચુક પુરાવા સાથે હાજર રહેવા નોંધ લેશો. જો તેમ કરવામાં કસુર થશે તો કાયદા અન્વયે યોગ્ય તે હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજરોજ તારીખ **૦૯મી** માહે **જુલાઈ** સને **૨૦૧૯** ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર
(એ.એસ. કાનાણી)
આસિસ્ટન્ટ

કોર્ટનો
સિક્કો

મુકાબલ કરનાર
(એસ.આર. સોલંકી)
આસિસ્ટન્ટ

હુકમથી
(ડી.એસ. પટેલ)
રજીસ્ટ્રાર સીવીલ કોર્ટ,
ઉમરગામ

ડાંગના ભવાનદગડમાં વૃક્ષ પડતા ટ્રાફિક રોકાયો

સાપુતારા, તા.૭ : ડાંગ જિલ્લાનાં આહવાથી વઘઇને સાંકળતા રાજયધોરીમાર્ગનાં ભવાનદગડ ગામ નજીકનાં માર્ગમાં વૃક્ષ ધરાશયી થઈને પડી જતા થોડા સમય માટે વાહનવ્યવહાર ખોરવાયો હતો..

ડાંગ જિલ્લામાં છેલ્લા બે દિવસથી હળવો વરસાદ નોંધાતા જનજીવન થાળે પડ્યુ છે,તેવામાં ગુરુવારે ડાંગ જિલ્લાનાં આહવાથી વઘઇને સાંકળતા રાજ્યધોરી માર્ગનાં ભવાનદગડ ગામ નજીકનાં માર્ગમાં બપોરબાદ નીલગિરીનું વૃક્ષ ધરાશયી થઈ માર્ગની વચ્ચોવચ પડતા થોડા સમય માટે આ રાજયધોરીમાર્ગનો વાહનવ્યવહાર ખોરવાયો હતો,અહી ઘટના સ્થળે નીલગીરીનું વૃક્ષ વિજલાઈન સાથે પણ અડી જવાનાં કારણે વિજતાર તૂટી ગઈ હતી, જોકે ડાંગ જિલ્લાનાં જી.ઈ. બી વિભાગ તથા આહવા સ્ટેટ ધોરીમાર્ગનાં નાયબકાર્યપાલક ઈજનેર અમિશભાઈ પટેલને જાણ થતા તેઓની ટીમે તુરંત જ આ ધરાશયી વૃક્ષને માર્ગમાંથી ખસેડી વાહનવ્યવહાર પૂર્વરત કર્યો હતો.

U.T. ADMINISTRATION OF DAMAN & DIU
REVENUE DEPARTMENT,
COLLECTORATE, DAMAN

File No.:3/65/2019/LND-ACQ/2018-19/2019 Dated: 07/08/2019

Notification of the Social Impact Assessment (Section 4 & Sub Section 3)

Whereas, the Government intends to aequire the following land with the concemed Panchayat/Municipality/Municipal Corporation at Nani Daman, for Upgradation for Health and wellness Centre. Dunetha Nani Daman in the affected drea and carry out a Social Impact Assessment Study for public purpose. The Study shall be undertaken as per the provision as section 4 of the Right to Fair Compensation and Transparency in Land Acquisition, Rehabilitation and Resettlement Act.2013

(1)	Project Developer	:	Medical & Health Services, Primary Health Centre, Daman
(2)	Brief Description about purpose of proposed acquisition of land	:	Land Acquisition for Upgradation of Health and Wellness centre at Dunetha, Nani Daman
(3)	Land to be acquired	:	Survey No. 329/1 areas admeasuring 300.00 sq. ft. of villge Dunetha, Nani Daman
(4)	Project Area to be Covered under S.I.A.	:	Admeasuring 300.00 sq. ft. as it is requires for construction of Upgradation of Health and Wellness centre at Dunetha, Nani Daman
(5)	Affected Area to be covered under S.I.A.	:	No

Social Impact Assessment Activities:

(1)	Consultations	:	With stake holders of the proposed area including Gram Panchayat
(2)	Survey (Organization undertake the study)	:	Mamlatdar, Daman & Enquiry Officer, City Survey, Daman will complete survey of the proposed area under acquisition within 15 days from the date of publication of this Notification.
(3)	Public hearing/s	:	S.I.A. Unit will decide the time and place for public hearing before submitting S.I.A. report.
(4)	Time line	:	S.I.A. report and S.I. Management Plan should be completed within six month from date of issuance of this Notification and to be published on the notice board of Collectorate, Daman and concerned Gram Panchayat.

If any attempt of coercion or threat is noticed/brought to notice, the same will render this exercise null and void.

The contact information of the Social Impact Assessment Unit :

Office of the S.I.A. Unit,
C/o. Collector, Daman,
Collectorate, Dholar, Moti Daman- 369 220.
Phone No. 2230689/2230698

S/D
(Dr. Rakesh Minhas)
Collector, Daman,

No.IP/DMN/2/5/19-20/267
Dtd.: 07/08/2019

મહાકાલી જ્યોતિષ, વાપી-M. : 9978243825
ફેમીલીવાળા સ્વામી મહારાજ
પેઢી દર પેઢી સેવા આપતા મહારાજ....
A to Z સમસ્યા ના સમાધાન માટે વાપીનું વિશ્વાસપાત્ર સ્થળ
સમસ્યા લાવો સમાધાન લઇ જાઓ
દક્ષિણ ગુજરાતનાં જુના અને જાણીતા
ઉંમર વધી ગઇ છતાં લગ્ન ન થવાનું કારણ શું ? નિરાકરણ માટે મળો.
દારૂ છોડાવો. દારૂ પીવા વાળાને કહ્યા વગર છોડાવવા માટે મળો.
ઘરમાં બરકત, લક્ષ્મી ટકતી નથી, ધારેલા કામ થતા નથી. દરેક કાર્યમાં વિઘ્ન, ખોટી હેરાગતિ, ખોટા વહેમ, સામાજીક/સાંસારિક ઝઘડા, સગાઈ-લગ્નમાં રૂકાવટ, વિદેશ યોગ, છુટા છેડા, જન્મ પત્રિકા, કાલસર્પ દોષ, ગૃહ દોષ, લક્ષ્મી યોગ, કુંડળીમાં દોષ, વ્યસન મુકિત તથા દરેક પ્રકારની સમસ્યાનાં સામાધાન માટે મળો.
NRI સમસ્યા માટે સ્પેશ્યાલીસ્ટ
વિદેશ યોગ, વિઝા માટે માર્ગદર્શન
એક તરફી પ્રેમ, તુટેલા સંબંધ જોડો, લવ પ્રોબ્લેમ, મન ગમતા પાત્ર સાથે લગ્ન.
માતા અને બહેનો પોતાનું ઘર-મંદિર સમજીને મળો, ફેમીલીવાળા સ્વામી મહારાજ
ફ્લેટ નં. 4, અર્પણ એપાર્ટમેન્ટ, ગ્રાઉન્ડ ફ્લોર, જલારામ સોસાયટીની સામે, આઝીયાના ચાર રસ્તા, કરદમ રોડ, વાપી (વેસ્ટ) M. 9978243825
મળવાની ફી રૂા. 51/-
ફોન પર અપોઇન્ટમેન્ટ લઇને મળો.

માં માતાજી જ્યોતિષ
સ્વામી મહારાજ ફેમીલીવાળા
વર્ષોથી વલસાડમાં જુના-જાણીતા સ્વામી મહારાજ ફેમીલીવાળા
દેશ-વિદેશના પ્રખ્યાત જ્યોતિષ, ડાયમંડ સમ્રાટ, ગોલ્ડ મેડાલીસ્ટ
[redacted]

SALE
50 % OFF
દરેક વેરાયટીઓ પર મેળવો
જબરદસ્ત ડિસ્કાઉન્ટ SALE
અમારે ત્યા જેન્ટસ, લેડીઝ અને ચિલ્ડ્રન માટે ખ્યાતનામ કંપનીઓની ઓલ સીઝન ફેન્સી વેરાયટીઓ મળશે.
કાપડીયા કોમ્પ્લેક્ષ, મ્યુનિસીપલ હાઇસ્કુલ સામે, બેચરરોડ, વલસાડ

વિમલ એન્ટરપ્રાઇઝ
વોટરપ્રુફીંગ ટ્રીટમેન્ટ
વરસાદમાં ગળતા ટેરેસ દિવાલમાંથી આવતા ભેજને આધુનિક મશીન વડે કાળા ધબ્બા લીલને સાફ કરી ક્રેક ફીલીંગ કરી કેમિકલ્સ વડે વોટરપ્રુફીંગ કરી કરી આપવામાં આવશે.
પ્લમ્બરનું કામ કરી આપવામાં આવશે
ગુંદલાવ, મહાદેવનગર, વલસાડ
સંપર્ક .94265 11865, 96387 51798

સેલ..
સેલ..
સેલ..
સેલ..
MAYUR FOOTWEAR
AC Showroom
શાકભાજી માર્કેટ, જ્યોતિ હોલ નીચે, વલસાડ ફોન: 241042
Bata
Lakhani SHOES
action
Paragon

મહાલક્ષ્મી જ્યોતિષ
M. 99780 90497
શું તમારું કાર્ય કોઈ નથી કરી આપતા, તો હું કરી આપીશ
પેઢી દર પેઢી સેવા આપતા મહારાજ..
દક્ષિણ ગુજરાતના પ્રખ્યાત, જૂના અને જાણીતા વિશ્વાસ પાત્ર સ્થળ
ઘરમાં બરકત, લક્ષ્મી ટકતી નથી, ધારેલા કામ થતા નથી. દરેક કાર્યમાં વિઘ્ન, શત્રુ નાશ, શત્રુથી વિજય, ખોટી હેરાનગતી, ખોટા વહેમ, આજુ-બાજુનો ઝઘડો, ગુપ્તધન, ગૃપ્ત બિમારી, સફેદ ડાઘ, સાસુથી દુ:ખી, પતિથી દુ:ખી, પત્નીથી દુ:ખી, બીમારી, ફ્લેટ, મકાન, વેચાણ, ભાડુતી તકરાર, વિશ્વાસઘાટ, મગજ, યાદશક્તિ, છુટાછેડા, ઘરકંકાસ, સંતાનયોગ, **વિદેશ જવું છે ? ફાઇલ મુકેલી છે ? વિઝા ફાઇલ નીકળી નથી, વિદેશયોગ,** (સિટીઝન)
ઉમર વધી ગઇ છતાં લગ્ન ન થવાનું કારણ શું ? એનો નિરાકરણ
પ્રેમી પંખીડા, છોકરા-છોકરી ઘરેથી નાશી ગયા હોય તો પાછા લાવવા માટે મળો. બહારથી પરસ્ત્રી સાથે આડા સંબંધ, સૌતનથી છુટકારો, દારૂ દરેક વ્યસન છોડાવો, લવ-મેરેજ, મનગમતા લગ્ન, મન પસંદ જીવન સાથી, મનગમતા પ્રેમી-પ્રેમિકા, પ્રેમી-પ્રેમીકાને તુટેલો સંબંધ જોડવા માટે ખાસ મળો. દરેક વાત ખાનગી રહેશે. વજન ઘટાડો, વધારો, લંબાઇ વધારો, **NIR ફોન ઉપર ખાસ કામગીરી લેવામાં આવશે.**
દારૂ છોડાવો-દારૂ પીવાવાળાને કહ્યા વગર છોડાવવા માટે મળો.
જ્યોતિષ, ભુવા, ભગતનું કામ વારંવાર મારું કરેલું કામ એકવાર, પહેલા સંબંધ હતો, હવે નથી, ફરીથી સંબંધ જોડવા માટે સંપર્ક કરો.
વારંવાર રૂપિયા બગાડવા છતાં કામ ન થયું હોય તો હું કરી આપીશ
માતા અને બહેનો પોતાનું ઘર મંદિર સમજીને આવો.
સ્થાયી મહારાજ-ફેમીલીવાળા સમય : સવારે ૮ થી રાત્રે ૮
કાયમ આખો દિવસ મળશે.
૧૦૨, અમૃત એપાર્ટમેન્ટ, વખારીયા હોલની સામે, શાકભાજી માર્કેટ વલસાડ. M. 99780 90497 એપોઇન્ટમેન્ટ લઈને મળો


DOOR TO DOOR SERVICE
EZ C
CAR W
INTERIOR & E
STEAM WASH
LEATHER /FABRIC CONDITIONING
SOFA STEAM & VACCUM CLEANING
OFFICE SPACE CLEANING
HOME SERVICE
OFFICE, SOFA & CARPET CLEANING
To Book an appointment call :
7567190447, 7284002401